સમરસ છાત્રાલય સોસાયટી ના સરળ સંચાલન માટેના મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૬/૨૮૦૧૨૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૨ /૮/૨૦૧૬

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સા. ન્યા અને અ વિભાગનો તા.૧૧-૭-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક- સમછા/૧૦૧૫/ ૩૫૪૨૩૯/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૨૬/૦૫/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ-૧-૧-૨૦૧૬-૧૭-૮૭૫૩

<u>ઠ રા વઃ-</u>

ગુજરાત સમરસ છાત્રાલયના સુચારૂં સંચાલન માટે મેમોરેંડમ ઓફ એસોશિએશન એંડ રેગ્યુલેશન અંગે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને ટ્રસ્ટની વંચાણે લીધાં ક્રમ (૧) પરના ની તા.૧૧-૭-૨૦૧૬ ના ઠરાવથી રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધાં ક્રમ (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા:૨૬/૦૫/૨૦૧૬ના પત્રથી સમરસ છાત્રાલય સોસાયટી ના સરળ સંચાલન માટેના મહેકમ મંજુર કરવા બાબતે ની દરખાસ્ત કરેલ હતી.

સમરસ છાત્રાલય સોસાયટી ના સરળ સંચાલન માટેના મહેકમની મંજુરી તથા ભરવાની મંજુરી આપવા અંગે નીચે મુજબ મહેકમ અંગે ની ભરતી પ્રક્રિયા , નિમણૂક અને પગાર અંગેની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) સમરસ સોસાયટીના CEO ની ૧ જગ્યા:- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરની જગ્યા કેડર પોસ્ટ હોઇ તેમજ નિયામકશ્રી સદરહુ સોસાયટીના સભ્ય સચિવ હોઇ તેઓશ્રીએ સદરહુ સમરસ સોસાયટીના મુખ્ય કારોબારી અધિકારી (CEO) તરીકે ફરજ બજાવવની રહેશે. જેથી અલગ થી જગ્યા ઉભી કરવાની રહેશે નહિં. આ અંગેના વહીવટી હુકમ અલગ થી કરવામાં આવશે.

(૨)વહીવટી અધિકારી વર્ગ-૧ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦(ગ્રેડ પે-૫૪૦૦-૧ જગ્યા નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ અથવા નિયામકશ્રી વિકસતિ જાતિ કલ્યાણ અથવા કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની રહેશે.

(૩) હિસાબી અધિકારી વર્ગ -૧ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ (ગ્રેડ પે- ૫૪૦૦-૧ જગ્યાહિસાબી સંવર્ગ નિયામકશ્રી, હિસાબી અને તિજોરીની કચેરીમાંથી પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે.

(૪) કન્સલટન્ટ ની બે(૨) જગ્યા તથા ડેટા એન્ટ્રી ઓપરેટર ની એક (૧) જગ્યાઓ આઉટસોર્સથી લેવાની રહેશે.

ઉકત મુખ્ય કારોબારી અધિકારી (CEO) સિવાયની કુલ-૦૫ જગ્યાઓનો અંદાજીત કુલ વાર્ષિક ખર્ચ રૂ. ૨૦.૦૦ લાખ થવાની શકયતા હોવાનું જણાવેલ છે. સમરસ છાત્રાલય સોસાયટી ના સરળ સંચાલન માટેના મહેકમની મંજુરી તથા ભરવાની મંજુરી આપવા અંગે નીચે મુજબ મહેકમ અંગે ની ભરતી પ્રક્રિયા , નિમણૂક અને પગાર અંગેની વિગતો ધ્યાને લેતાં, સને ૨૦૧૬-૧૭માં આ અંગેની બજેટ જોગવાઇ થયેલ નહોઇ તેમજ સદરહુ જગ્યાઓ ભરવામાં સમય લાગે તેમ હોઇ, છ (૬) માટે રૂ. ૧૦.૦૦ લાખાનો ખર્ચ આકસ્મિક નિધિમાંથી કરવા અને તે અંગે અલગ થી નાણા વિભાગ/બજેટ પ્રભાગને દરખાસ્ત રજુ કરવાની શરતે કુલ-(પાંચ) જગ્યાનું મહેકમ ઉભું કરવા તથા ભરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

જયારે નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ, ખાતું, ગાંધીનગરને સમરસ સોસાયટીના મુખ્ય કારોબારી અધિકારી (CEO) તરીકે ફરજ બજાવવની હોઇ આ અંગેના વહીવટી હુકમ અલગ થી કરવામાં આવશે

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪-૮-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપસચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી( આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા અધિકારીશ્રીઓ,ની કચેરી, (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રીઓ,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે નાયબ નિયામકશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ વિકસતીશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક મારફત)
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ-ગ